## જાહેર ખબર

પોલીસ અધિક્ષકની કચેરી સુરત ગ્રામ્ય, સુરતના તાબા હેઠળના પો.સ્ટે ખાતે માનદ સેવા માટે કુલ-૨૭૯ જીઆરડી/ સા.ર.દ સભ્યોની ભરતી જેમાં પુરૂષ જી.આર.ડી (કામરેજ, ઓલપાડ, કીમ ,કોસંબા, માંગરોળ,પલસાણા,કડોદરા,બારડોલી,મહુવા) મહિલા જી.આર.ડી (ઓલપાડ,કીમ, કોસંબા, પલસાણા, કડોદરા ,બારડોલી,મહુવા તેમજ સા.ર.દળ-૩૦ (માત્ર ઓલપાડ પો.સ્ટેના દરિયાકિનારા વિસ્તારમાં આવેલ ગામોમાંથી) કરવાની હોય. તા.૩૧/૦૩/૨૦૨૧ ની સ્થિતિએ ૨૦ થી ૫૦ વર્ષની વયમર્યાદા ધરાવતા અને નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના રહેણાંક વિસ્તારનાં પોલીસ સ્ટેશન કે વેબસાઈટ પરથી જીઆરડી/સા.ર.દળ સભ્યોનું ભરતી અંગેનું અરજી ફોર્મ મેળવી,અરજી ફોર્મ ભરી જે-તે પો.સ્ટે ખાતે જમા કરવાનું રહેશે.આ અરજી ફોર્મનો નમુનો તથા ભરતી અંગેની બોલીઓ અને શરતો www.spsurat.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે. આ બાબતમાં કોઇપણ ફેરફાર કરવાનો અધિકાર અત્રેની કચેરીનો રહેશે.

(૧).લાયકાત:-૩ પાસ કે તેથી વધુનો અભ્યાસ (શાળા છોડયાનું પ્રમાણપત્ર)

(૨).ઉંમર:- ૨૦ થી ૫૦ વર્ષ (શાળા છોડયાનું પ્રમાણપત્ર)

(૩).રહેઠાણ:-પો.સ્ટે વિસ્તારના ગામનો રહેવાશી (આધાર કાર્ડ,ચૂંટણીકાર્ડ,રેશન કાર્ડ વિગેરે)

(૪).વજન-પુરૂષ-૫૦ કિ.ગ્રા/ મહિલા-૪૫ કિ.ગ્રા

(૫).ઉચાઈ- પુરૂષ-૧૬૨ સે.મી/ મહિલા-૧૫૦ સે.મી

(૬).દોડ- પુરૂષ-૮૦૦ મીટર-૪ મિનિટ/મહિલા-૮૦૦ મીટર ૫ મિનિટ અને ૩૦ સેકન્ડ

જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૭માં જે-તે પો.સ્ટેમાં સ્વપ્રમાણિત કરેલ પ્રમાણપત્રો સાથે ફોર્મ રૂબરૂમાં જમા કરાવવા.

તા. /૦૩/૨૦૨૧

સ્થળ: સુરત ગ્રામ્ય

સહી/-

( ઉષા રાડા )

પોલીસ અધિક્ષક

સુરત ગ્રામ્ય, સુરત

બોલીઓ અને શરતો:-

(૧) ધોરણ-૩ પાસ કે તેથી વધુનો અભ્યાસ ધરાવતાં હોવા જોઈએ

(૨).રૂ.૨૩૦/- લેખે દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

(૩) જે પો.સ્ટે વિસ્તારમાં ભરતી કરવામાં આવનાર હોય તે પો.સ્ટે વિસ્તારનાં રહેવાશી હોવા જોઈએ

(૪) નિયત માનદ સેવા આધારિત વેતન પર કોઇ પણ જાતનાં ભથ્થાં મળવા પાત્ર થશે નહીં.

(૫) કોઈ ગુનાહિત પ્રવૃતમાં સંકળાયેલા હોવા જોઈએ નહી,

(૬) માનદ સેવા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૭) માનદ સેવા દરમ્યાન નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી, કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૮) માનદ સેવા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેઓએ બજાવેલી ફરજનાં સમયગાળાની સેવા આધારિત વેતનની લેણી રકમ તેઓનાં કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા નાણાંકીય લાભ/ એગ્રેસીયા લાભો કે રહેમરાહે નોકરી જેવાં આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૯) તેઓએ પોલીસ અધિક્ષકશ્રી નક્કી કરે તે ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.જાહેર રજાનાં દિવસે પણ સરકારની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઇ શકશે નહિં.

(૧૦) જીઆરડી/સા.ર.દળ સભ્યોને કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.રજા ભોગવશે તો તે વેતનમાંથી કપાત કરી લેવામાં આવશે.

(૧૧) તેઓએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાની વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૨) માનદ સેવાના સમયગાળા દરમ્યાન અસંતોષકારક કામગીરી કે અશિસ્ત વર્તન માટે કચેરીના નીતિનિયમો તેઓને બંધનકર્તા રહેશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે પણ તેઓને બંધનકર્તા રહેશે.

(૧૪) જીઆર.ડી/સા.ર.દળની કુલ ભરતી અંગેની આંકડાકીય માહિતી www.spsurat.gujarat.gov.in પરથી મેળવી લેવાની રહેશે.

# ગ્રામ રક્ષક દળમાં ભરતી થવા માટેનું અરજી ફોર્મ

પોલીસ અધિક્ષકની કચેરી , હેડવાલાઈન્સ, સુરત ગ્રામ્ય, સુરત.

(૧) અરજદારનું પૂરું નામ :- ____________________

(૨) અરજદારનું પૂરું સરનામું :- ____________________

____________________

(૩) અરજદારના વતનનું પૂરું સરનામું :- ____________________

____________________

(૪) અરજદારનો ફોન નંબર /મોબાઈલ નંબર :- ____________________

(૫) અરજદારની જન્મ તારીખ :- (ઉંમર ૨૦ થી ૫૦ વર્ષની વય વચ્ચેનો હોવી જોઈએ) : ____________________

(૬) અરજદારનું જન્મ સ્થળ :- (ગામનો રહેવાસી હોવો જોઈએ) ____________________

(૭) અરજદારનો અભ્યાસ (ધોરણ ૩ ગુજરાતી ભણેલો હોવો જોઈએ) ____________________

(૮) અરજદારની ભાષા :- ____________________

(૯) અરજદાર કેટલી ભાષા જાણે છે? ____________________

(૧૦) અરજદારનો હાલનો વ્યવસાય :- ____________________

(૧૧) અરજદાર ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવે છે કે કેમ? જો હા તો નકલ જોડવી. ____________________

(૧૨) અરજદારનું બ્લડ ગ્રૂપ :- ____________________

(૧૩) અરજદારની ઊંચાઈ :- ____________________

(૧૪) અરજદારનું વજન :- ____________________

(૧૫) અરજદારના ઓળખના ચિન્હો :- (૧) ____________________

(૨) ____________________

(૧૬) અરજદારની રાષ્ટ્રીયતા :- ____________________

(૧૭) આધાર કાર્ડ નંબર :- ____________________

(શાળા છોડયાનું પ્રમાણપત્ર, આધાર કાર્ડ/ચુંટણી કાર્ડની ૧-૧ ઝેરોક્ષ નકલ જોડવી.)

અરજદારની સહી. ____________________

સ્થળ : સુરત ગ્રામ્ય,

તારીખ :